# હિન્દુ આધ્યાત્મિક સેવા મેળો

નારાયણભાઈ મેઘાણી, મો. ૯૮૭૯૧૦૭૯૧૭

આપણો હિન્દુ સનાતન ધર્મ આધ્યાત્મિકતા અને સેવાને કારણે વિશ્વનો પથદર્શક રહેલ છે. આપણા પૂર્વજો, સાધુસંતોએ હંમેશા સમાજની અને તેની પરંપરાઓની ચિંતા કરી છે, જે તેમના જીવન પર્યંતના સેવાકાર્યોથી આપણને જાણવા મળે છે. આજે પણ આપણા સાધુસંતો આપણી સંસ્કૃતિ અને જીવનમૂલ્યો ટકી રહે તે માટે અનેકવિધ સેવાકાર્યો કરી રહ્યાં છે. પૂ. માં અમૃતાનંદ મયી પોતાના સેવાકાર્યોની સુવાસ દેશ વિદેશમાં ફેલાવી રહ્યા છે, જ્યારે પૂ શ્રી શ્રી રવિશંકરજી આર્ટ ઓફ લીવીંગ ના માધ્યમથી લોકોના મનમાં રહેલા માનસિક વિકારોને દૂર કરી રહ્યા છે. પૂ બાબા રામદેવજી યોગના માધ્યમથી લોકોને સ્વસ્થ જીવન આપવાનો માત્ર પ્રયાસ જ નહી પરંતુ સંપૂર્ણ સમાજને રાષ્ટ્રભક્ત બનાવવાનું બીડું ઝડપ્યું હોય તેમ રાત દિવસ પ્રયત્નશીલ છે. આપણા ગુજરાતમાં પણ .પૂજ્ય મોટા, પૂ. ડોંગરે મહારાજ, પૂ. પુનિત મહારાજ, પૂ. રણછોડદાસજી મહારાજ જેવા અનેક પૂજ્ય સંતોની હારમાળા જોવા મળી છે. સાંપ્રતકાળમાં વિચાર કરીએ તો પૂ આણદાબાવા, સ્વામિનારાયણ સંપ્રદાયના પૂ. સંતો, પૂ જૈન આચાર્ય ભગવંતો તેમજ મહારાજ સાહેબો અને અનેક સંતો આ સમાજની સુખાકારી માટે સતત પ્રયત્નશીલ જોવા મળી રહ્યાં છે.




સંતશક્તિના આ ઉમદા કાર્યોથી સમાજ અવગત થાય તે અત્યંત આવશ્યક છે. માત્ર સંતશક્તિના કાર્યની જ નહી પરંતુ જીવનમૂલ્યોને ઉજાગર કરતી આપણી સંસ્કૃતિ અને પરંપરાનું પણ દર્શન થાય તે આવશ્યક છે. આ માટે તમિલનાડુમાં ઈ.સ ૨૦૦૯માં હિન્દુ આધ્યાત્મિક સેવા મેળાનું આયોજન કરવામાં આવ્યું. ત્યારથી દર વર્ષે આ કાર્યક્રમનું આયોજન થાય છે. કાર્યક્રમના ઉત્તમ પ્રકારના આયોજન અને તેના કારણે થતા દિવ્ય દર્શનના કારણે કાર્યક્રમની સ્વીકૃતિ વધતી ગઈ. અત્યાર સુધી ૧૧ રાજ્યોમાં ૨૦ જેટલા મેળા થઈ ચુક્યા છે. આપણા ગુજરાત રાજ્યમાં પણ દિનાંક ૫ થી ૮ જાન્યુઆરી ૨૦૧૮ દરમ્યાન આ કાર્યક્રમનું આયોજન થયું છે.

સાધુ સંતો તેમના મઠ મંદિરોના માધ્યમથી સમાજને આધ્યાત્મિક ઊર્જા તો પૂરી પાડે જ છે, સાથે સાથે તેમની સંસ્થાઓ દ્વારા સામાજિક સેવાકાર્યો પણ કરે છે. સમાજ સામે આ દિવસો દરમ્યાન તેમના સેવાકાર્યોનું નિદર્શન કરવામાં આવશે. સાથે આપણા રાજ્યની અગ્રગણ્ય સેવાકીય સંસ્થાઓ પણ તેમના સેવાકાર્યો સમાજ સમક્ષ મુકશે. કુલ મળી ૪૦૦ સંસ્થાઓ આ કાર્યક્રમમાં જોડાશે.

આ મેળાનો ઉદ્દેશ્ય સામાજિક સેવાકાર્યોનું માત્ર પ્રદર્શન નહિ જ પરંતુ આપણા જીવન મૂલ્યોનું સંરક્ષણ સંવર્ધન થાય તે પ્રકારના કાર્યક્રમોનું પણ આયોજન થયેલ છે. જે મુખ્ય ૬ (છ) સૈદ્ધાંતિક જીવન મૂલ્યોને ઉજાગર કરશે.

૧. વન અને વન્ય જીવોનું સંરક્ષણ, ૨. પર્યાવરણનું સંરક્ષણ, ૩. પર્યાવરણને અક્ષુણ્ણ રાખવું, ૪. પારિવારિક અને માનવીય મૂલ્યોનું જતન, ૫. નારી સન્માન, ૬. દેશભક્તિ જાગરણ

કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરુપે ૬૦૦ જેટલી શાળા કોલેજોમાં ભારતીય પરંપરાગત રમતોની સ્પર્ધા થશે, જેની અંતિમ સ્પર્ધા મેળા દરમ્યાન થશે. ૨૩ ડીસેમ્બર ૨૦૧૭ના રોજ રીવર ફ્રન્ટ અમદાવાદ ખાતે પરમ વીર વંદનાનો કાર્યક્રમ થશે જેમાં ખ્યાતનામ કલાકારો દ્વારા દેશભક્તિ ગીતો તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ દ્વારા સામૂહિક વંદેમાતરમનું ગાન થશે. મેળા દરમ્યાન કન્યાવંદન, માતૃવંદના, આચાર્ય વંદન, ગંગા-તુલસી વંદન, વીર વંદન જેવા કાર્યક્રમો થશે. આ ઉપરાંત રોજ રાત્રે ભારતીય જેમાં ખાસ કરીને ગુજરાતના લોકજીવનને ઉજાગર કરતા સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન પણ થઈ રહ્યું છે.



Scanned by CamScanner